# ખેડબ્રહ્મામાં સ્કૂટરની ડીકીમાંથી રૂપિયા ૧ લાખ રોકડની તફડંચી

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા શહેરની દેનાબેંક આગળ પાર્ક કરેલા સ્કુટરની સીટ ઉપર ઉલ્ટી કરેલી લાગતા તે સાફ કરવા બાજુની દુકાનમાં કાગળ લેવા જતા ડીકીમાં મુકેલા રૂા.૧ લાખનું પર્સ કોઈ અજાણ્યા ચોર ઈસમ લઈ પલાયન થઈ જવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામના મુકુંદભાઈ પ્રેમાનંદ જોષી (ઉ.વ.૬૬) સોમવારના રોજ બપોરના સુમારે તેમનું એકટીવા સ્કુટર નંબર જીજે. ૦૯. સીકયુ. ૭૯૦૨ લઈ દેનાબેંકમાં ખેતી માટે મંજુર થયેલી કેસીસી લોન ઉપાડવા ગયા હતા. સ્કુટર બેંકની સામે પાર્ક કરી બેંકમાં જઈ ચેકથી રૂા.૧ લાખ ઉપાડી તેમના એકટીવા સ્કુટરની ડીકીમાં મુકવા જતા ડીકી તથા સ્ટીયરીંગ ઉપર કોઈએ ઉલ્ટી કરેલ હોય તેવું જણાયુ હતું. તેથી પૈસાનું પર્સ ડીકીમાં મુકી મેલુ સાફ કરવા બાજુની દુકાનમાં કાગળ લેવા ગયા હતા. સ્કુટરની સીટ સામાન્ય સાફ કરી સ્કુટર ધોવડાવવા માટે તેઓના ભાણીયા યોગીન અનુમય પંડયાની કોમ્પ્યુટરની દુકાને ગયા હતા પણ તે બંધ હતી. ત્યાંથી ઉન્ડવા ઉપર આવેલા એકટીવાના શોરૂમ ઉપર ગયા હતા પણ સોમવારે શોરૂમ બંધ હતો. તેથી તેઓ અર્બુદા માતાજી મંદિરે તેમના જમાઈ ભરતભાઈ રતીલાલ જાની પાસે જઈ ડોલમાં પાણી લઈ સ્કુટર સાફ કર્યુ હતું. આ રૂા.૧ લાખ રાધીવાડના જીવાભાઈ મુળાભાઈ વણકરને આપવાના હતા. તેથી ડીકી ખોલી જોવા જતા પૈસા ભરેલુ પર્સ ગાયબ હતું. તેથી રૂા.૧ લાખની તફડંચી થઈ હોવાનું જણાતા આ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. પી.ટી.જયસ્વાલ ચલાવી રહ્યા છે.

# ડીસામાં રૂપિયાની લેવડ દેવડમાં યુવકનું અપહરણ કરી જાનથી મારી નાખવાની કોશિષ

ડીસા, તા. ૨



ડીસામાં નાણાંની લેવડ દેવડમાં એક યુવકનું ૬ શખ્સોએ અપહરણ કરી જાનથી મારી નાંખવાની કોશિષ કરી હતી. જેમાં ઈજાગ્રસ્ત અપહ્યુત યુવકને સારવાર માટે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા બાદ વધુ સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. જે અંગે ડિસા ઉત્તર પોલીસમથકે ૬ શખ્સો સામે ફરિયાદ નોંધાવેલ છે.

આ ઘટનાની વિગત એવી છે કે, ડીસામાં એક યુવકના અપહરણ બાદ તેને જાનથી મારી નાખવાની કોશિષ કરી હોવાની ઘટના સામે આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. જેમાં વડલી ફાર્મ વિસ્તારમાં રહેતા અશોક વંછાજી માળી નામના યુવકે મુકેશ શંકરજી માળી પાસેથી ૨૦ હજાર રૂપિયા વ્યાજે લીધા હતા. પરંતુ વ્યાજે લીધેલા નાણાં સમયસર પરત ના ચુકવી શકતા મુકેશ માળીએ કડક ઉઘરાણી શરૂ કરી હતી. તે દરમ્યાન અશોક માળી તેના મિત્ર સાથે ગાયત્રી મંદિર નજીક ક્રિશ્ના પાર્લર પાસે બેઠો હતો તે સમયે મુકેશ માળી અને એક અજાણ્યા શખ્સે તેના કમરના ભાગે હથિયાર જેવી વસ્તુ ભીડાવતા તે ગભરાઈ ગયો હતો. અને વ્યાજે આપેલા રૂપિયા સહીત ૧.૨૦ લાખનો હિસાબ આપવાનું કહી અશોકને બાઈક પર બેસાડી માલગઢ ખાતે લઈ ગયા હતા અને જ્યાં પહેલેથી જ દલપત નાયી સહીત અન્ય ચાર શખ્સો ઉભા હતા. જો કે અશોક સાથે રૂપિયાની લેવડ દેવડની વાતચિત કર્યા વગર જ તેને ગાળો બોલી ગડદાપાટુનો માર મારવાનુ શરૂ કરી દીધુ હતુ. બાદમાં ૬ શખ્સોએ તેને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી છુટ્યા હતા. જેથી અશોક માળીએ મોબાઈલ દ્વારા જાણ કરતા તેના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત અશોકને સારવાર માટે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા બાદ વધુ સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જે અંગે અશોક માળીએ અપહરણ કરી જાનથી મારી નાખવાની કોશિષ કરનાર મુકેશ શંકરજી માળી અને દલપત નાયી સહીત છ એ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## બનાસકાંઠાના પાંથાવાડા ગામે ધોળા દિવસે ત્રણ શખ્સો દ્વારા રિવોલ્વર અણીએ

# આંગડીયા પેઢીમાં ૪.૫૦ લાખની લૂંટ

## પોલીસે CCTV ફૂટેજના આધારે લૂંટ ચલાવનારા શખ્સોની શોધખોળ હાથ ધરી

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જીલ્લામાં લુંટ અને ધાડની ઘટના સામાન્ય બની ગઈ છે, ત્યારે આજે રાજસ્થાન બોર્ડર પર આવેલા હથિયાપાંથાવાડા ગામે ધોળા દિવસે ત્રણ લોકોએર સાથે લુંટ ચલાવી. આ સમગ્ર ઘટના CCTV ફૂટેજમાં કેદ થઈ ગઈ હતી. પોલીસે ઝઝ્ર્ફ ફૂટેજના આધારે લુંટ ચલાવનારા શખ્સોની શોધખોળ હાથધરી છે.

પાંથાવાડામાં આજે ધોળા દિવસે અસામાજિક તત્વોએ લુંટ ચલાવી. પાંથાવાડા ગામમાં આવેલી જયંતિભાઈ સોમાભાઈ આંગડીયા પેઢીમાં આજે ત્રણ અજાણ્યા શખ્શોએ લૂંટ ચલાવી. આ ત્રણે શખ્શો હથિયાર સાથે હતા. માત્ર બે જ મિનીટના ટૂંકા સમયમાં આ ત્રણે શખ્શો દ્વારા હથિયાર બતાવી લુંટ ચલાવી ફરાર થઈ ગયા. સૌથી મહત્વની બાબત તો એ છે કે આ આંગડિયા પેઢી એ પાંથાવાડા ગામની મધ્યમાં આવેલી છે, આ લોકો આજે બપોરના સમયે જયારે આંગડિયા પેઢીમાં કામ કરી રહ્યા હતા ત્યારે ત્રણ અજાણ્યા શખ્શો દ્વારા ઓફિસમાં ઘુસી બંદુકના અણીએ લુંટ ચલાવવામાં આવી. જે આંગડીયા પેઢીમાં લૂંટ ચલાવવામાં આવી તે પાંથાવાડા પોલીસ સ્ટેશનની ખુબજ નજીક આવેલ છે, છતાં દિવસ દરમ્યાન બનેલી આ ઘટનાને લઈને પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા છે.આજે થયેલી આ લુંટમાં આંગડીયા પેઢીમાંથી કુલ ૩ લાખ ૭૦ હજાર જયારે ૪ હીરાના પાર્સલ લુંટારૂઓ લઈ ગયા છે. બંદુકધારી આ ત્રણે શખ્શો લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ પોલીસે તાત્કાલિક ધોરણે જીલ્લામાં નાકાબંદી કરી તપાસ હાથધરી છે. આજે લુંટારાઓ દ્વારા જે પ્રકારે દિવસમાં ધોળા દિવસે લુંટ ચલાવવામાં આવી તેને લઈ પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો




ઉભા કર્યા છે. પોલીસે આરોપીઓને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી છે. જયારે જીલ્લાની SOG અને એલસીબીએ પણ લુંટારાની શોધખોળ હાથધરી છે.

સુત્રોનું માનીએ તો આ લુંટ ચલાવનારા શખ્શો હિન્દીભાષી હતા. હતો તે આવ્યો ન હતો. જો તે આવ્યો હોત તો લુંટારાઓ મોટી મત્તા હાથ લાગી હોત. પોલીસે આ મામલે અત્યારે તપાસ હાથધરી છે ત્યારે આજે મોટી લુંટ થતી બચી છે તેનું કારણ એ છે કે આ પેઢીમાં જે સુરત અને મુંબઈથી જે માલ આવવાનો જોવાનું એ રહેશે કે આખરે પોલીસ આ લુંટારાઓને કેટલા સમયમાં પકડી પાડે છે.

# પ્રાંતિજના પોગલુ ગામમાં મહિલા સશક્તિકરણ વિષયે રેલી યોજાઈ






પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજના પોગલુ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે બેટી બચાવો, બેટી વધાવો, બેટી પઢાવોના નારા સાથે પોગલુ એસ.જી. પટેલ હાઈસ્કૂલમાંથી રેલી નીકળી હતી.

પોગલુ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડીયાના ભાગરૂપે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એમ.જે. ફેન્સી તથા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. જી.વી. નાયકના માર્ગદર્શન હેઠળ પોગલુ આરોગ્ય કેન્દ્ર તથા એસ.જી. પટેલ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે રેલી યોજાઈ હતી. જેમાં પોગલુ મંદિરના મહંત સુનિલદાસજી, જાયન્ટસ ગૃપના વજેશભાઈ ભાવસાર, પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેડીકલ ઓફિસર ડૉ. એ.એચ. સોલંકી, શાળાના આચાર્ય નવનીતભાઈ પટેલ, શાળા સ્ટાફ તથા શાળાના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ, આશા બહેનો સહિત વગેરે મોટી સંખ્યામાં બધા જોડાયા હતા અને હાઈસ્કૂલમાંથી બેટી બચાવો, બેટી વધાવો, બેટી પઢાવોના સૂત્રો સાથે રેલી નીકળી ગામમાં ફરી હાઈસ્કૂલમાં પરત ફરી હતી. જ્યારે રેલીનું સફળ સંચાલન એ.એલ. પટેલ, ડી.કે. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# બાયડ બજારમાં રાજ્યના નવા મુખ્યમંત્રી કોણ બનશે ? તેવી અનેક ચર્ચાઓનું મોજું

**અમીત શાહ, વિજય રૂપાણી, પરસોત્તમ રૂપાલા તેમજ ભીખુ દલસાણીયા - આમાંથી કોણ રાજ્યના નવા મુખ્યમંત્રી બનશે તેવા સોશિયલ મિડિયામાં મેસેજ ફરતા થયા હતા**

બાયડ, તા. ૨

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા સોશિયલ મિડિયામાં પોતાનું પદ છોડવાનું છે તેવો પત્ર મુકતાની સાથે રાષ્ટ્રીય મોવડી મંડળમાં ખળભળાટ મચી ગયો હતો. તેની સાથે રાજ્યની પ્રજાજનોમાં નવા મુખ્યમંત્રી કોણ બનશે તેની અનેક ચર્ચાઓ રાજકિય બજાર અને સટ્ટાબજારમાં તેજી જેવું વાતાવરણ ઉદ્ભવ્યું છે.

અરવલ્લી જિલ્લાનું બાયડનગર રાજકારણની લેબોરેટરી ગણાય છે અને બાયડનગરના પાન પાર્લરો પર રાજ્યના નવા મુખ્યમંત્રી કોણ બનશે તેવી અનેક ચર્ચાઓ જોરશોરથી થઈ રહી હતી. બાયડના રાજકિય વ્યક્તિથી લઈ નવયુવાનો પણ સોશિયલ મિડિયામાં અમીત શાહ, વિજય રૂપાણી, પરસોત્તમ રૂપાલા તેમજ ભીખુ દલસાણીયા આ ચારમાંથી કોણ રાજ્યના નવા મુખ્યમંત્રી બનશે તેવા સોશિયલ મિડિયામાં મેસેજ ફરતા થયા હતા. જો નવા મુખ્યમંત્રી રાજ્યની પ્રજાનો સર્વે કરવામાં આવે તો અમીત શાહ મોખરે આવે તો નવાઈ નહી, પણ મંગળવારની મોડી સાંજે રાજ્યના નવા મુખ્યમંત્રીની જાહેરાત રાષ્ટ્રીય ભાજપ મોવડી મંડળ કરશે.

# અરવલ્લી જિલ્લામાં અવિરત અમૃતવર્ષાથી હરખની હેલી

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં છેલ્લા સપ્તાહથી અષાઢી ધારાએ શ્રીકાર અને સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. આ સમયસર મેઘ મહેરથી પાક માટે સારા ચોમાસાનો અણસાર આવી ગયો છે. જો કે હજી જળાશયોમાં પાણીમાં નોંધપાત્ર વધારો થયો નથી. કાચા સોના જેવા વરસાદથી જિલ્લાના ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. મોડાસા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મંગળવારે વહેલી સવારે ૪ વાગ્યાની આસપાસ ઝડપી પવન, વીજળી અને કડાકા, ભડાકા સાથે મેઘરાજાની ધામાકેદાર એન્ટ્રી થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દિવસભર વરસાદ વરસવાનુ ચાલુ રહેતા ઠેર-ઠેર પાણી ભરાયા હતા. ભીલોડા અને ધનસુરા તાલુકામાં વરસાદે રીસામણા લીધા હોય તેમ કોરા-ધાકોર દિવસો પસાર થઈ રહ્યો છે.





અરવલ્લી જિલ્લામાં ધનસુરા અને ભીલોડા તાલુકાને બાદ કરતા ચોમેર હળવાથી સારા પ્રમાણમાં ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદથી ખેતીપાકમાં જીવતદાનના પ્રાણ ફૂંકાતા ખેડૂતો હરખાયા હતા. અષાઢના અંતિમ પડાવમાં અવિરત અમૃતવર્ષાથી ખેડૂતો અને પ્રજાજનોમાં હરખની હેલી જોવા મળી હતી. મોડાસા પંથકમાં મંગળવારે વહેલી સવારે કડાકા સાથે એક કલાક સતત મેઘરાજા મન મુકીને વરસતા નગરમાં પાણી પાણી ફરી વળ્યુ હતુ. મોડાસા, મેઘરજ, બાયડના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ખેતરોમાં પાણી ભરાઈ જતા અને વરસાદ વરસવાનુ ચાલુ રહેતા અનેક વિસ્તારોના ખેતરોમાં પાક બગડવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. જિલ્લાના ખેતરોમાં બીટી કપાસ, કઠોળ, ધાન્ય સહિતના પાકોમાં સંકટના ઘેરાયેલા વાદળો મેઘમહેરથી વિખેરાતા અને પાકને જીવતદાન મળતા ભૂમિપુત્રોએ રાહતના શ્વાસ લીધો હતો. જિલ્લાના ભિલોડા અને ધનસુરા તાલુકામાં મેઘરાજા રીસામણા કરતા વાવણી કરી ચુકેલી ભૂમિપુત્રો ચિંતાતુર બન્યા છે. સમગ્ર જિલ્લામાં વાવણી લાયક વરસાદ બાદ ભિલોડા અને ધનસુરા તાલુકામાં વરસાદના અભાવથી ખેડૂતોમાં ચિંતાની લકીરો ખીંચાઈ છે.

સતત વરસાદી વાતાવરણ અને આકાશે કાળાડિબાંગો ઘેરાયા પછી બન્ને તાલુકામાં પ્રજાજનો અને ભૂમિપુત્રોને હાથતાળી આપી વરસાદ ન વરસતા બન્ને તાલુકાના પ્રજાજનો ચિંતાતુર બન્યા છે. સમગ્ર જિલ્લામાં અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટા અને ઝરમર વરસાદથી વાતાવરણ આહલાદક બનતા અને ઠંડક પ્રસરતા ગરમીથી છુટકારો મળ્યો હતો.

# પાલનપુરમાં દિવાસા પર્વની આસ્થાભેર ઉજવણી

પાલનપુર, તા. ૨

પાલનપુર ખાતે આજે દેવીપૂજક સમાજ દ્વારા 'દેવ દિવાસા'ની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પાલનપુર પંથકના ૪૨ ગામોમાંથી આવેલા દેવીપૂજક સમાજના પરિવારજનોએ તેમના પૂર્વજોને ભાવભીના શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.



દેવ દિવાસો એટલે દેવીપૂજક સમાજનો પૂર્વજોને યાદ કરવાનો દિવસ. આજના દિવસે પાલનપુર ખાતે પાલનપુર પંથકનો દેવીપૂજક સમાજ સહ પરિવાર ઉમટી પડ્યો હતો. પાલનપુર ખાતે પોતાના પૂર્વજોની સમાધિ પર આવેલા દેવીપૂજક સમાજના લોકોએ રૂદન કરી તેમની યાદ તાજી કરી હતી. અને તેમની સમાધિ પર ફૂલહાર કરી શ્રીફળ ચડાવી, દિવો-અગરબત્તી કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. આજના દિવસે દેવીપૂજક સમાજ પોતાના પૂર્વજોને યાદ કરી તેમને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા બાદ જ ભોજન આરોગે છે.

## ગુંજી ઉઠશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિવશકિત મંદિરમાં સવાલાખ પંચમુખી રૂદ્રાક્ષના મહાશિવલીંગનુ નિર્માણ કરવામાં આવ્યુ છે.૧૬ ફુટનુ ઉંચુ શિવલીંગ પણ ભાવિકો માટે આસ્થાનુ કેન્દ્ર સ્થાન બનશે. વાવોલ રામજી મંદિરમાં આજથી શિવકથાનો પ્રારંભ થશે. ધોળેશ્વર મહાદેવ મંદિર તેમજ વાસણિયા મહાદેવ મંદિરમાં પણ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે વિશેષ શિવપુજાના કાર્યક્રમો યોજાશે.સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરમાં પણ ભાવિકો માટે દર સોમવારે લઘુરુદ્રનુ આયોજન કરવામાં આવ્યુ છે. બુધવારથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતા શિવભકતો ભોળાનાથની ભકિતમાં તરબોળ થઈ જશે. શિવમંદિરોમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળશે.શિવલીંગ પર જળાભિષેક અને દુધ ચઢાવવા માટે ભાવિકો ઉમટી પડશે. જયારે શિવજીની કૃપા દ્રષ્ટી મેળવવા માટે શિવલીંગ પર બિલ્વપત્ર ચઢાવી ભાવિકો ધન્યતા અનુભવશે. શ્રાવણ મહીનામાં સોમવારનુ આધ્યાત્મિક દ્રષ્ટીએ વિશેષ મહત્વ હોવાથી દર સોમવારે શિવમંદિરોમાં ભજન તેમજ મહાઆરતી ઉપરાંત વિશેષ પુજા અર્ચનાના કાર્યક્રમો યોજાશે.

## રાજનાથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશોના લીડરોએ નિર્ણય કર્યો હતો કે, સાર્કના ગૃહમંત્રીઓ પણ વાર્ષિકરીતે મળે તે જરૂરી છે. આનાથી આતંકવાદને રોકવા અને સહકારને વધારવામાં મદદ મળશે. ત્યારબાદ આ બાબતને સ્વીકારી લેવામાં આવી હતી અને આના ભાગરુપે ગૃહમંત્રીઓ પણ હવે સાર્ક બેઠકમાં મળી રહ્યા છે. નવાઝ શરીફ અને પાકિસ્તાનના અન્ય લીડરો સાથે તેઓ વાતચીત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## રોડ-શો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખુલ્લામાં સનરુફમાં બેસીને રવાના થયા હતા અને લોકોનો આભાર માન્યો હતો. મોદી સરકાર સામે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. સોનિયા ગાંધી અગાઉ પણ અનેક વખત અહીં આવતા રહ્યા છે. રોડ શો કાર્યક્રમો કેટલાક સ્થાનિક વિસ્તારમાંથી પસાર થયા હતા. અગાઉ સોનિયા ગાંધી વારાણસી પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું.

## ભાજપ પ્રભારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિસ્થિતિનો તાગ મેળવી અને પોતાનો અહેવાલ તૈયાર કરશે અને દિલ્હીમાં મળનારી ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં રજુ કરશે. પાર્લામેન્ટરી બોર્ડમાં આ બે નેતાના અહેવાલ ઉપર ચર્ચા કરીને શ્રીમતી આનંદીબેનના રાજીનામાનો પક્ષ સ્વીકાર કરીને ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામ પર ચર્ચા કરીને પસંદગીની મહોર મારશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુરૂવારના રોજ ભાજપના ધારાસભ્યોની એક બેઠક બોલાવવામાં આવશે અને ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## બેસી રહેવું પડ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દંડક ટી રાજાસીંગ અને ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ સામે ગુનાની ફરીયાદ તૈયાર કરીને આપી હતી. ફરીયાદ વાંચીને સે. ૨૧ પી.આઈ. ગુનો દાખલ કરવો કે કેમ ? તે અવઢવમાં હતા. કાયદાના પરીપ્રેક્ષમાં ગુનો અહીં દાખલ થઈ શકે કે કેમ ? તેનો તથા આ ગુનો બને છે કે કેમ ? તેનો અભ્યાસ પોલીસ કરવા માંડી હતી. ડીવાયએસપી પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા. ફરીયાદ દાખલ ન થઈ શકે તેમ હોય તો તમે પોલીસ અધિકારી આ નિવેદન લેખિતમાં અમને આપી દો... અમે પોલીસ મિત્રો સાથે ઘર્ષણ કરવા માંગતા નથી... તેમ શક્તિસિંહે કહી દેતા મામલો વધુ ગુંચવાયો હતો. લેખિતમાં જે અધિકારી આપે તે 'ભરાઈ' જાય તેવી સ્પષ્ટ દહેશત હતી. શક્તિસિંહનું કહેવું હતુ કે કાં તો ફરીયાદ નોંધો કાં તો લેખિતમાં આપો કે ગુનો બનતો નથી કે ફરીયાદ લઈ શકાય નહી..! ત્રણ કલાક સુધી અભ્યાસ કર્યા બાદ 'ઉપર'થી લેવાયેલા નિર્ણયને અંતે આખરે શક્તિસિંહની અરજી માત્ર સ્વિકારવામાં આવી હતી. આ મામલે શક્તિસિંહે અરજીની સાથે કેટલાક પુરાવાઓ પણ પેન ડ્રાઈવમાં પોલીસને આપ્યા છે. ટી રાજાસિંગે ૩૦ જુલાઈએ પોતાના ઓફીશીયલ ફેસબુક પેજ પર પોસ્ટ કરેલો પોતાનો વિડીયો અને તેનુ અક્ષરસહ નિરૂપણ પેન ડ્રાઈવમાં પુરાવા સ્વરૂપે છે તે ઉપરાંત ૩૧ જુલાઈએ ટી રાજાસિંગે એએનઆઈને આપેલા ઈન્ટરવ્યુનો વિડીયો કે જે સોશ્યલ મીડિયા મારફતે તેમને જોયો તે પણ પેનડ્રાઈવમાં આપ્યો છે અને અમિત શાહના પક્ષના દંડક ટી. રાજાસિંગ છે તે માટેના પુરાવા તરીકે ટી રાજાસિંગના ઓફીશીયલ ફેશબુક પેજની નકલ તથા તેમની વેબસાઈટની નકલ પણ અરજી સાથે સામેલ કરવામાં આવી છે.

## પંચાયત ઘર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચાયત ઘરોને આધુનિક સગવડો સાથે ગ્રામ સચિવાલય બનાવવાની વાતો જિલ્લાતંત્રમાં પણ કાગળો પર જ રહી ગઈ છે તેવી અનુભૂતિ આ ગ્રામ્ય વિસ્તારની પ્રજા કહી રહી છે. વાતો મોટી થાય છે પણ વાસ્તવિકતામાં અમલવારી થતી જ નથી.

રાજીવ ગાંધી સેવા કેન્દ્રો જે ઉભા કરવાની વાત કરવામાં આવી હતી તેની પણ બધી જ કામગીરી ઠપ્પ પડી છે. કેન્દ્ર સરકારના અનુદાનથી આ કામગીરી કરવા માટેની નવી માર્ગદર્શિકા આપી નથી.

જિલ્લામાં પંચાયતોની આર્થિક સ્થિતિ પણ સમૃદ્ધ થઈ નથી. જિલ્લાની કેટલીક ગ્રામ પંચાયતોની સ્થિતિ અત્યંત નબળી છે. તાજેતરમાં ગાંધીનગર તાલુકાના એક ગામમાં પાણીના લિકેજીસ રિપેરીંગ કરાવવાનો ખર્ચ પણ તાલુકા પંચાયતે ઉપાડવો પડ્યો છે જે ઉલ્લેખનીય છે.